મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

૧૦-૦૧-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367




## કરૂણા અભિયાન : ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે સરકારની કરૂણાસભર પહેલ

# કરૂણા અભિયાન અંતર્ગત ગુજરાતમાં છેલ્લા ૦૮ વર્ષ દરમિયાન ૯૭ હજારથી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરી યોગ્ય સારવાર અપાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

ગુજરાતમાં ઉત્તરાયણના પર્વના સમયગાળામાં પતંગ-દોરીથી અનેક અબોલ પશુ-પક્ષીઓ ઘાયલ થતા હોય છે. સાથે જ,તહેવારને ધ્યાને લઈ ધર્મપ્રેમી લોકો પશુઓને ખાસ કરીને ગાયને ઘુઘરી,રજકો અને લીલુ ઘાસ વગેરે ખવડાવતાં હોય છે. જેના થકી ઘણીવાર પશુઓને આફરો અને પોઈઝનીંગ થતું હોય છે. આવા પશુ-પક્ષીઓને તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ કરીને યોગ્ય સારવાર પૂરી પાડી શકાય તે માટે વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ગુજરાત સરકાર દ્વારા કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યભરમાં આવતીકાલે તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન કરૂણા અભિયાન હાથ ધરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ ગાંધીનગરથી વિગતો આપતા જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉત્તરાયણ પર્વની સૌને શુભેચ્છા આપી અપીલ કરતા કહ્યું હતું કે, સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચારતા હોય છે જેથી સવારે અને સાંજે શક્ય હોય તો પતંગ ન ચગાવવા જોઈએ.સાથે જ ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો પણ ઉપયોગ ન કરવા જણાવ્યું હતું.

મંત્રી શ્રી મુળુભાઈએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરુણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે. છેલ્લા આઠ વર્ષમાં કરૂણાઅભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૯૭,૨૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા છે. જે પૈકીના ૩૧,૪૦૦થી વધુ પશુઓને તેમજ ૬૫,૭૦૦થી વધુ પક્ષીઓને યોગ્ય સારવાર આપવામાં આવી છે. સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે




૧૭,૬૦૦થી વધુ પશુ-પક્ષીઓને સારવાર આપાઈ છે. જેમાં ૨,૪૦૦ જેટલા પશુઓ અને ૧૫,૨૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે. ગુજરાતે સૌપ્રથમવાર શરુ કરેલું ‘કરૂણાઅભિયાન’નું આદર્શ મોડલ આજે સમગ્ર દેશ માટે પથદર્શક બન્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સમર્થ નેતૃત્વ તેમજ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ ‘કરૂણા અભિયાન-૨૦૨૫‘ને વધુ પરિણામલક્ષી બનાવવા માટે તમામ આગોતરી તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ જીવદયાના અભિયાનને સફળ બનાવવામાં પશુપાલન, વન વિભાગ અને મહાનગરપાલિકાઓ સહિતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાનો સિંહફાળો આપી રહી છે.

સાથે જ, રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વોટ્સઅપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઈન જાહેર કરાયો છે. આ નંબર પર "Hi" મેસેજ કરવાથી એક લિંક મળશે જેને ક્લીક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ પક્ષીઓનો જીવ બચાવી શકશે તેમ,મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ઉત્તરાયણ પર્વની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, કરૂણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત રહેશે. સાથે જ, પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરાશે. આ અભિયાન દરમિયાન રાજ્યભરના ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના ઉપરાંત ૫૮૭ જેટલા ફરતા પશુદવાખાના અને ૩૭ કરૂણાએનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રહેશે. જ્યાં ઘાયલ પશુ-પક્ષીની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દાવાઓનો સ્ટોક સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ પશુ સારવાર સંસ્થા ઉપરાંત ૫૦ જેટલા વધારાના મોબાઈલ યુનિટ દ્વારા સારવાર આપવા માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે તેમ, રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લખેનીય છે કે, ગત વર્ષે કરૂણાઅભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા હતા, જેમાં ૪,૪૦૦થી વધુ પશુઓ અને ૯,૩૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે. જ્યારે, છેલ્લા ૦૮ વર્ષમાં અમદાવાદ જિલ્લા બાદ સૌથી વધુ સુરત જિલ્લામાં ૧૩,૩૦૦થી વધુ, વડોદરા જિલ્લામાં ૧૦,૭૦૦થી વધુ, રાજકોટ જિલ્લામાં ૮,૩૦૦થી વધુ, આણંદ જિલ્લામાં ૬,૮૦૦થી વધુ અને જૂનાગઢ જિલ્લામાં ૬,૧૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને સારવાર પૂરી પાડવામાં આવી છે.


## પરિવાર જનોને ફોન કરી ‘હું નર્મદા કેનાલ પડું છું તેવું કહી’ને નર્મદા કેનાલમાં ઝંપ લગાવ્યો

# કડીમાં આવેલ બલાસર મુખ્ય નર્મદા કેનાલ ખાતે શિક્ષકે કેનાલમાં કુદીને પોતાનું જીવન ટૂંકાવ્યું

(ગરવી તાકાત)કડી તા.૯

કડી શહેર વિસ્તાર માં મુખ્ય નર્મદા કેનાલ પસાર થઈ રહી છે ત્યારે અનેક વાર લોકો પોતાનું જીવન ટૂંકાવા માટે કેનાલ માં ઝંપ લગાવી આત્મહત્યા ના બનાવો અનેક સામે આવતા હોય છે ત્યારે ફરી એક વારે શિક્ષકે કેનાલમાં કુદી ને આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામ્યો હતો.

કડી શહેર ના નાની કડી વિસ્તારમાં આવેલ વેઝુ માતાના મંદિરની બાજુ માં આવેલ ગોકુલ સોસાયટી માં રહેતા વાસુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ઘરે થી શાળા જવાનું કહી ને નિકળ્યા હતા અને તેમની ઘરેથી અલ્ટો ગાડી લઈ શાળાએ નીકળેલા આધેડ શિક્ષક વાસુભાઈ પટેલ બલાસર મુખ્ય નર્મદા કેનાલ ની બાજુ ના રોડ ઉપર પોતાની ગાડી પાર્ક કરી ને શિક્ષકે તેમના પરિવાર જનો ને ફોન કરીને કહ્યું હતું કે ×હું નર્મદા



કેનાલમાં પડું છું તેવું કહી ને ફોન ગાડીમાં મૂકીને તેઓ નર્મદા કેનાલમાં જીવન ટૂંકાવી દીધું હતું.

શિક્ષક વાસુભાઈ પટેલ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હોવાની હાલ વિગતો સામે આવી રહી છે. પરિવાર ના લોકો તથા આજુ બાજુ ના લોકો નર્મદા કેનાલ ખાતે ટોળેટોળા ઉમટી પડયા હતા.શિક્ષક પોતે દશાડા ના ઉમરીયાડા ગામમાં બજાવતા હતા શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

કડી પોલીસ ને ઘટના ની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી ને તપાસ શરૂ કરવામાં આવી હતી. અને નર્મદા કેનાલ માં ઝંપ લગાવેલ શિક્ષક ની સ્થાનિક તરવૈયા અને મહેસાણા ફાયર વિભાગ ના તરવૈયાની મદદ લઈ લાશની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

## વિસનગર શહેર પોલીસ મથકમાં માતા-પુત્ર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

# ‘તું કેમ મારી આગળ પાછળ ફરે છે’ તેમ કહી લોખંડ વડે આધેડની ઉપર મહિલા સહિત ઈસમે હુમલો કર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

વિસનગર તાલુકાના કુવાસણા પાટિયા નજીક બાઈક લઈને પસાર થઈ રહેલા આધેડ પર ગામના પરાની મહિલા સહિત એક શખસે ‘તું કેમ મારી આગળ પાછળ ફરે છે‘ તેમ કહી લોખંડની ટોમી વડે હમલો કરી જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલ્યા હતા. જેથી આ બનાવ અંગે આધેડે વિસનગર શહેર પોલીસ મથકમાં માતાપુત્ર વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

તાલુકાના ગોઠવા ગામમાં રહેતા મહેરિયા નરેશભાઈ નથ્થુભાઈ બુધવારના રોજ સવારે બાઈક રીપેરીંગ કરાવવા વિસનગર આવ્યા હતા. જેઓએ સવાલા દરવાજા ગેરેજમાં બાઈક મુકી દઢીયાળ સામાજિક કામ અર્થે ગયા હતા. જ્યાંથી સાંજે રીપેરીંગ કરેલી બાઈક લઈ પરત ઘરે જવા નીકળ્યા હતા. તે દરમિયાન કુવાસણા-બાજીપુરા રોડ ઉપર બાઈક ઉપર આવેલા રાવળ હિતેશ ઉર્ફે ભુરો છનાભાઈ અને તેની માતા રાવળ જશીબેન છનાભાઈએ નરેશભાઈના બાઈક આગળ બાઈક ઉભુ રાખી જાતિ વિષયક અપશબ્દો બોલી તું અમારી આગળ પાછળ કેમ ફરતો રહે છે તેમ કહી તેમ કહી લોખંડની ટોમી વડે હૂમલો કરી તેમનજ તેની માતા જશીબેને છુટા પથ્થરો મારી ઈજાઓ પહોંચાડી હતી.

જે બનાવને લઈ હોબાળો મચી જતાં રોડ ઉપર પસાર થતા વાહનચાલકો પણ ભેગા થઈ જતાં બંન્ને માતા-દીકરો જતા રહ્યા હતા. ઘાયલ નરેશભાઈએ વડનગર સિવિલમાં સારવાર લઈ આ બનાવ અંગે વિસનગર શહેર પોલીસ મથકે માતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે
બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.
: સંપર્ક :
દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.
મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

KRISHNA AUTO COATING
The Car Detailing Studio




પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




# કુંડળીના યોગો અને ભાગ્યવાન જાતક

નમસ્કાર સૌ જિજ્ઞાસુ મિત્રોને! આ કોલમને લોકપ્રિય બનાવનાર તમામ જાતકો તેમજ રીડર બિરાદરોનો આભાર અને તેમની જિજ્ઞાસાને પ્રણામ! કુંડળી અભ્યાસ આમ જોઈએ તો માત્ર દસ મિનિટનું કાર્ય અને બીજી રીતે જોઈએ તો કુંડળી અભ્યાસ એક જટિલ કાર્ય છે. જાતકની કુંડળી એટલે જન્મ સમયે ગોચરની સ્થિતિનો સ્ક્રીનશોટ જ્યારે એક અભ્યાસુ જ્યોતિષાચાર્ય એ કુંડળીનો અભ્યાસ કરે છે ત્યારે સતત તે વર્તમાન ગોચર પરિભ્રમણ સાથે તેની સરખામણી કરે છે. અને તે પ્રમાણે કયા ગ્રહોની સ્થિતિ શુભસ્થાનમાં, કયા ગ્રહોની સ્થિતિ અશુભ સ્થાનમાં, કયા ગ્રહોની દૃષ્ટિ કોની પર, બલાબલ સ્થિતિ અને કયા કયા ગ્રહોની યુતિ છે તેના પર વિચાર કરવાની સાથે જાતકનો જન્મ કયા નક્ષત્રમાં, નક્ષત્રના કયા ચરણમાં અને નક્ષત્ર સ્વામી કોણ તેના પર પણ વિચાર થાય છે.

સતત કુંડળીનો અભ્યાસ કરતાં એ નિરીક્ષણમાં આવ્યું છે કે સામાન્ય રીતે કુંડળીમાં કોઈ એકાદ યુતિ હોય છે. એકાદ સારો યોગ અને બીજો કોઈ દુર્યોગ હોય છે. સામાન્ય રીતે મોટાભાગની કુંડળીઓમાં બુદ્ધાદિત્ય યોગ જોવા મળતો હોય છે. ત્યારપછી અંગારક યોગની સ્થિતિ જોવા મળે છે. વિષયોગ અને કેમદ્રુમ યોગની પરિસ્થિતિ પણ જોવા મળે છે. હા, અમુક કુંડળીઓમાં ગજકેસરી યોગ તેમજ લ-મીયોગ જોવા મળે છે. ઘણી કુંડળીઓમાં કેન્દ્ર સ્થાને શુભગ્રહોની ઉપસ્થિતિ ઉત્તમ યોગનું નિર્માણ કરે છે. આજે જિજ્ઞાસુ જાતકો સાથે મારા દ્વારા કરાયેલ એક કુંડળી અભ્યાસનું વિશ્લેષણ ફરી એકવાર રજૂ કરવા માંગું છું. જન્મ સમયના ગ્રહોની સ્થિતિ જાતકને અમીર કે ફકીર બનાવે છે. આજની કુંડળી કે જે હું વિશ્લેષણ કરવા જઈ રહ્યો છું તેમાં એક નહીં, બે નહીં, ત્રણ નહીં પરંતુ છ-છ યોગનું નિર્માણ તેમજ ત્રણ-ત્રણ દુર્યોગનું નિર્માણ જાતકને સફળતાની સિદ્ધિઓ પર પહોંચાડે છે.

વૃશ્ચિક લગ્ન તેમજ વૃશ્ચિક રાશિ ધરાવનાર આ જાતકનો જન્મ કૃષ્ણપક્ષની સાતમની તિથિએ અનુરાધા નક્ષત્રના બીજા ચરણમાં ઊંઝા મુકામે તા. ૩-૩-૧૯૮૬ના રોજ થયો છે. જાતકની કુંડળીમાં સ્વગૃહી મંગળ કેન્દ્ર સ્થાનમાં રહી ‘રુચક યોગ’નું નિર્માણ કરે છે. ઉપરાંત અહીં મંગળ સાથે ચંદ્ર યુતિ ‘લ-મીયોગ’ રચે છે. જાતક સમૃદ્ધિમાં મહાલે, માન-પાન પામે. અહીં એક દુર્યોગ પણ બને છે. રાહુ-મંગળ ષડાષ્ટક યોગથી જાતકના જીવનમાં ઓપરેશન યોગ/અકસ્માત યોગ પણ રચે છે. (જે જાતકે પોતે કબૂલ્યું કે આવી ઘટના ઘટી ચૂકી છે.)

લગ્નભાવમાં મંગળ-શનિ યુતિ જાતકને વીજળીના ધોધ સમાન બનાવે. જમીન સંબંધિત કાર્યોથી સફળતા મળે. આચાર્ય રજનીશ (ઓશો), મોરારજી દેસાઈ, સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારી પુરુષો આ યુતિવાળા હતા.

ચંદ્ર-શનિ યુતિ ‘વિષયોગ’ બનાવે છે, પરંતુ નીચનો ચંદ્ર બળવાન શનિ સામે નબળો પડે છે. જાતક વિપત્તિમાંથી માર્ગ કાઢી આગળ વધે.

ધનભાવનો સ્વામી સુખ સ્થાનમાં, જાતકને ભૂમિ-ભવન-વાહન-સંપત્તિનું સુખ અપાવે. આ જાતક જમીન સંબંધિત કાર્ય થકી સફળતાને વરેલા છે અને માન-સન્માન પણ મળ્યા છે. પરાક્રમ ભાવનો અધિપતિ લગ્નભાવમાં હોય, જાતક સાહસિક હોય.

સુખ સ્થાનમાં રહેલો ગુરુ કેન્દ્ર સ્થાનમાં સ્થિત હોઈ ‘હંસ યોગ’નું નિર્માણ કરે છે. કેન્દ્ર સ્થાનમાં રહેલો શુક્ર ‘માલવ્ય યોગ’ બનાવે છે. આ જાતક જ્ઞાની હોય (પોતાના ક્ષેત્રમાં), જ્ઞાન એટલે મા સરસ્વતી અને મા સરસ્વતીની કૃપા તેને લ-મીજી સુધી લઈ જાય. આ યોગવાળાની ખાસિયત એ હોય છે કે તેઓ સમૃદ્ધિમાં તો મહાલે પરંતુ બીજાનું ભલું પણ કરે.

આટલું જ નહીં, આ જાતકની કુંડળીમાં શનિ પણ કેન્દ્રસ્થાને રહીને ‘શશયોગ’નું નિર્માણ કરે છે. બળવાન શનિ જાતકને યશ-કીર્તિ આપી રહ્યા છે. લગ્ન અથવા ચંદ્રથી દસમા ભાવનો સ્વામી બળવાન હોઈ આ સ્થિતિ જાતકને ‘અમલાયોગ’ની ભેટ આપી જાય છે. આ જાતક પરોપકારી, ગુણવાન, માન આપનાર અને માન પામનાર બને છે. નરેન્દ્ર મોદી, ધીરુભાઈ અંબાણી, રાહુલ બજાજ, રવિ શાસ્ત્રી, લાલ બહાદુર શાસ્ત્રી, રાહુલ દ્રવિડ, બાબા રામદેવ, સ્વામી વિવેકાનંદ, નીતિશકુમાર જેવા નેતાઓ, વ્યક્તિત્વો આ યોગવાળા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## મંત્રીઓ ફિલ્ડમાં રહે : કચેરીઓની કામગીરીની માહિતી મેળવે : મુખ્યમંત્રી

# દરેક મંત્રીઓને તેમના વિભાગોના બજેટ હેઠળની યોજનાઓની કામગીરી ઝડપી બનાવાઈ; અધિકારી તેમજ કર્મચારીઓમાં ધાક બેસાડવા સૂચના




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

ગુજરાતમાં હવે વિધાનસભાના બજેટ સત્ર બાદ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીઓ યોજાશે તે નિશ્ચિત બન્યા બાદ રાજય સરકારના બજેટમાં પણ તેનું પ્રતિબંધ પડશે. તે સમયે મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને સપ્તાહમાં ત્રણથી ચાર દિવસ ફિલ્ડમાં રહીને તેમના હેઠળના વિભાગોનો સરકારી કચેરીઓની ‘સરપ્રાઈઝ’ વિઝીટ લઈને તંત્રની કામગીરી સુધરે તે જોવા અને તેમના મંત્રાલયના બજેટનો પણ પુરો અને જે હેતુથી ફાળવણી થઈ છે તે ખાસ જોવા તાકીદ કરી છે.

દરેક મંત્રીને પોત-પોતાના વિભાગો હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાતો લેવાની પણ સૂચના આપી હતી. જેમાં કહેવાયું હતું કે, મંત્રીઓને કોઈપણ કચેરીની આકસ્મિક મુલાકાત દરમિયાન કર્મચારીઓ કે અધિકારીઓની નબળી કામગીરી કે જો કોઈ ગેરરીતિ સામે આવે તો તેની સામે નિયમાનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવા તથા પોત-પોતાના વિભાગની કામગીરી અંગેનો ફીડબેક મેળવીને જરૂર પડયે તેમાં સુધારો કરવા ઉપરાંત દરેક વિભાગોની યોજનાકીય કામગીરી, બાકી રહેતા કામોમાં ઝડપ લાવીને પુરા કરાવવા અંગે પણ મુખ્યમંત્રીએ સૂચના દરેક મંત્રીઓને આપી હતી.

તેમણે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયતોની બાકી રહેલી ચુંટણીઓ માટે સર્વથા તૈયાર રહેવાની ખાસ તાકીદ કરી હતી.

વિભાગોની યોજનાકીય કામગીરી, બાકી રહેતા કામોમાં ઝડપ લાવીને પૂરા કરાવવા અંગે પણ મુખ્યમંત્રીએ સૂચના દરેક મંત્રીઓને આપી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને પોત-પોતાના વિભાગો હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાત લેવાની તાકીદ કરી હતી અને દરેક મંત્રીઓને તેમના વિભાગની બજેટીય યોજનાઓના ઝડપી અમલ-બાકી રહેતી કામગીરી, બાકી રહેતી યોજનાઓને ઝડપથી પુરી કરવાની અને બજેટમાં કરાયેલી વિભાગીય જોગવાઈઓ મુજબના ખર્ચ બાબતે પણ સૂચના આપી હતી.

તાજેતરમાં મુખ્યમંત્રીએ ગાંધીનગર એસટી ડેપોની જે રીતે આકસ્મિક મુલાકાત લીધી હતી. તેવી જ રીતે દરેક મંત્રીઓએ પણ પોતાના વિભાગ હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાતો લઈને અધિકારીઓ-કર્મચારીઓમાં ધાક બેસે અને તેઓ પોતાની ફરજ હેઠળના કામો પ્રત્યે ફરજરત થાય તેવી પણ સૂચના આપી હતી.આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી રહી છે ત્યારે મુખ્યમંત્રીએ દરેક મંત્રીઓને ફિલ્ડ વર્ક કરવાની તાકીદ કરી હતી. વિભાગીય કચેરીઓની આકસ્મિક મુલાકાતો લઈને તેમાં જો કોઈ ગેરરીતિ માલુમ પડે તો તેમની સામે પગલાં ભરવાની અને મંત્રીના વિભાગોની કામગીરીનું ફીડબેક મેળવવાની પણ મુખ્યમંત્રીએ દરેક મંત્રીઓને સૂચના આપી હતી.

## ડીસા નગરપાલિકાના સહભડોળમાંથી ચુકવેલ નાણાને લઈને વિરોધનો સૂર ઉઠ્યો

# નાનજી દેશમુખ ગાર્ડનમાં આરો પ્લાન્ટ ન હોવા છતાં લાખો રૂપિયાનું પેમેન્ટ ઉપડી ગયું

**પારદર્શક વહીવટ ભ્રષ્ટાચારમાં ફેરબદલ થઈ ગયો હોવાની બુમરાણ ઉઠવા પામી**



(તસ્વીર-અહેવાલ : પારસ વ્યાસ, ડીસા)




(ગરવી તાકાત) ડીસા તા.૯

છેલ્લા કેટલાય સમયથી ડીસા નગરપાલિકામાં ચાલી રહેલ વાદવિવાદને લઈને વિકાસના કામો અટકી ગયાં હતાં પરંતુ થોડા દિવસો પહેલા પાલિકા તત્કાલીન પ્રમુખ સંગીતાબેન દવેએ રાજીનામું આપ્યા બાદ વિવાદ શાંત થયો હતો જે બાદ વહીવટમાં પારદર્શક વહીવટની વાતો થઈ રહી હતી પરંતુ ડીસા નગરપાલિકા દ્વારા ૨૬.૧૨.૨૦૨૪ના રોજ પાલિકાના સહભંડોળમાંથી ૧ કરોડ ઉપરાંતનું ચુકવણી કરવામાં આવી છે જેને લઈને અનેક શંકા કુશંકા ઉભી થઈ રહી છે ડીસા નગરપાલિકાના સહ ભંડોળમાંથી ચુકવેલ નાણાંમાંથી ટકાવારી પણ થઈ હોવાનું લોકમુખે ચર્ચાએ જોર પકડયું છે ત્યારે પારદર્શક વહીવટ માત્ર કાગળ પર જોવા મળી રહી છે ત્યારે જનતાના ટેકસના પૈસાનું ઈનચાર્જ પ્રમુખે સહ ભંડોળમાંથી ચુકવણી કરાતા અનેક વાદવિવાદ સર્જાયા છે જ્યારે નગરપાલિકાના નવા પ્રમુખની ચૂંટણી માટે જિલ્લા કલેકટર શ્રી દ્વારા તારીખ જાહેર કરવામાં આવી હોવા છતાં નાણાંની ચુકવણી કરાતાં ડીસા શહેરમાં આ મુદ્દો ટોફ ઈન ટાઉન બની ગયો છે ? જ્યારે ડીસા નગરપાલિકાના સહ ભંડોળમાંથી૧ કરોડ ઉપરાંતનું નાણા ચુકવાયા છે પરંતુ ડીસા નગરપાલિકાનું લાખો રૂપિયાનું વિજ બીલ બાકી હોવા છતાં હજુસુધી વિજ બીલ ભરાવી શકાય નથી માત્ર માનિતા કોન્ટ્રાકટરો પેમેન્ટ ચુકવણી કરવામાં આવી છે જેમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે..

**ડીસા નગરપાલિકા દ્વારા પાણી પુરવઠા વિભાગમાં અંદાજે ૨૬ લાખનું ચુકવણું કરવામાં આવ્યું જેમાં પાણી પુરવઠા ચેરમેનને વિશ્વાસમાં લીધા વિના ચુકવી દેવાયું હોવાનું પાણી પુરવઠા ચેરમેન પીનકેશ દોશીએ જણાવ્યું.**

## કેબીનેટ બેઠકમાં ચર્ચાનો સંકેત : ગૃહવિભાગના ખુલાસા ફગાવાયા

# અમરેલીમાં ભાજપની ભવાઈ : મધરાત્રીના પાટીદાર દિકરીની ધરપકડથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નારાજ

**સરકાર અને પક્ષની છબીને નુકસાન થઈ રહ્યું છે : આકરી ભાષામાં જવાબ માંગ્યા : પાટીદાર નહી કોઈ સમાજની બહેન દિકરી સાથે આવું થવું જોઈએ નહી : તાકીદ**

**એક વખત મધરાતની ધરપકડના વિવાદ છતા પોલીસે કોની સૂચનાથી ફરી એ જ પાટીદાર દિકરીને મેડીકલ હેતુ પર રાત્રીના ઉઠાવી! કોણ ‘લડી’ લેવા માંગે છે! ચર્ચા**




(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

ગુજરાતમાં ભાજપના સંગઠન નવરચનામાં રાજકોટ સહિતના અનેક મહાનગરો તથા જીલ્લા જ નહી છેક તાલુકા કક્ષાએ પણ જૂથવાદે ફુંફાડો માર્યો તે છાપે ચડયો છે અને તેમાં સંગઠન નવરચનાની જાહેરાત બાદ આ ભડકા વધે તેવો ભય છે અને તેથી મહાનગર જીલ્લા પ્રમુખોની રચનાનો તપ્નો છેક દિલ્હી પહોંચ્યો અને રાજયમાં જૂથવાદની ગંભીર નોંધ લેવાવા છતાં પણ આ પક્ષનું જ સર્જન છે. તેથી ભાગ્યે જ કઈ થઈ શકે તેમ છે તેવો અફસોસ પણ થયો.

આ વચ્ચે અમરેલીમાં જે લેટર કાંડ સર્જાયો અને જે રીતે પાટીદાર સમાજની દિકરીને પોલીસે મધરાતે ઉઠાડીને ધરપકડ કરી અને તે બાદ પણ સ્થાનિક ધારાસભ્ય કૌશીક વેકરીયાએ છેલ્લે સુધી ‘લડી’ લેવું હોય તેમ ખાસ તપાસ ટીમની રચના બાદ પણ વધુ એક વખત તે પાટીદાર સમાજની દિકરીને ફરી ‘સીટ’ના અધિકારીઓ રાત્રીના મેડીકલ તપાસના બહાને ફરી ઉપાડી ગયા હતા.

કોંગ્રેસના નેતા અને પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને વચ્ચે પડવું પડયું તે અંગે હવે છેક ગાંધીનગર સુધી પડઘો પડયો છે અને ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ રીતે પોલીસ કર્મચારી સામે આકરી નારાજગી વ્યક્ત કરી છે. જો કે ગૃહ વિભાગ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ બચાવની મુદ્રામાં સ્પષ્ટતા કરવાનો પ્રયાસ થયો પણ પાટીદાર સમાજમાં જે રોષ પ્રવર્તી રહ્યો છે તે પણ નોંધ મુખ્યમંત્રીએ લીધી હોવાની ચર્ચા છે.

ખાસ કરીને આ પ્રકારની ઘટનાથી સરકાર અને ભાજપ બન્નેની પ્રતિષ્ઠા ખરડાય છે. એક વખત પોલીસે પાટીદાર સમાજની દિકરીને મધરાતે ઘરેથી ઉઠાવી અને તે જબરો મુદો બની ગયો છતા પણ બીજી વખત ‘સીટ’ દ્વારા ફરી રાત્રીના સમયે મેડીકલ તપાસ માટે પાટીદાર સમાજની દિકરીને (પોલીસ કહે છે તેની સંમતી હતી) ઘર બહાર લઈ ગયા તે ગળી શકાયું હોત પણ પોલીસ કોકના રાજકીય દબાણ હેઠળ કામ કરી રહી છે તે નિશ્ચિત થયુ છે અને મુખ્યમંત્રી જે ખુદ ગૃહવિભાગ સંભાળે છે તેથી પોલીસની આ કામગીરીની સરકારની છબી પર ખરાબ અસર થાય છે તેની ચર્ચા છે.

મુખ્યમંત્રી શ્રી પટેલે પોતાની નારાજગી દર્શાવીને હવે આ પ્રકારની ઘટના કોઈપણ સમાજ સાથે ન બને તે જોવા તાકીદ કરી છે. શ્રી પટેલે રાજયભરમાં જે રીતે પોલીસ વિભાગ પ્રજા માટે જ કામ કરે તે અભિગમ અપનાવ્યો છે તેમાં આ પ્રકારની ઘટનાથી તેઓ વ્યક્તિ બને તે સ્વાભાવિક છે તથા હવે ડેમેજ કંટ્રોલ પણ કેમ કરવું તે પણ પ્રશ્ન છે.

સૂત્રોના જણાવ્યા મુજબ અમરેલીની ઘટનાનું હાલ દિલ્હીમાં પણ રિપોર્ટીંગ થયું છે. મુખ્યમંત્રીની નારાજગી ઓછી થઈ નથી અને હવે આવુ ન બને તે માટે તેઓજ કંટ્રોલ કરશે તેવા સંકેત છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ નવા રોકાણોમાં લાભની સંભાવના. પ્રેમ સંબંધોમાં અનુકૂળતા જણાય. આર્થિક બાબતે સંભાળીને કામ કરવું. લેવડ-દેવડમાં છેતરાવાથી સાચવવું.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ ધનલાભની ઉત્તમ સંભાવના. સંતાનો બાબતે સાધારણ પરેશાની જણાશે. અધિકારી વર્ગના આશીર્વાદ મળશે. ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો.

**મિથુન (ક.છ.ઘ.)**આ રાશિના જાતકો માટે આજનો દિવસ પ્રોપર્ટીમાં કરેલ રોકાણ લાભ કરાવશે. પારિવારિક જીવન આનંદમય રહેશે. ખોટા માણસો સાથે સમય વેડફવો નહીં. અનુભવી પાસેથી શીખેલું કામ લાગશે.

**કર્ક (ડ.હ.)**આ રાશિના જાતકો માટે આજનો દિવસ સ્વતંત્ર જીવનમાં શાંતિ અનુભવશો. પરિવારના સભ્યોથી પરેશાની જણાશે. લાઈફ પાર્ટનર સાથે વિવાદની સંભાવના. આર્થિક સંકડામણનો અનુભવ થશે.

**સિંહ (મ.ટ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ ઘરેલું જીવનમાં શાંતિ જણાશે. કરેલા રોકાણો લાભદાયી નીવડશે. કામકાજ માટે યાત્રા થવાની સંભાવના. ધંધામાં ધનલાભ અને પ્રગતિ જણાશે.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સુખ સુવિધાના સાધનોમાં ખર્ચ થવાની સંભાવના. જીવનસાથીના પ્રકોપથી બચવું જરૂરી બનશે ધર્મ આધાત્મિકતામાં રૂચી વધશે. નોકરીયાતને સારો સહયોગ મળશે.

**તુલા (ર.ત.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ શેર સટ્ટામાં ધનહાનિની સંભાવના. પારિવારીક બાબતોમાં શાંતિ જણાશે. નોકરીયાતને ઉપરી વર્ગથી પરેશાની રહેશે. વિદ્યાર્થીઓ માટે સારો સમય છે.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ રાજકીય મહત્વકાંક્ષા પૂરી થશે. કૌટુંબિક બાબતના પ્રશ્નો હળવા બનશે. ધંધામાં કરેલા આયોજનો સફળ થશે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ આર્થિક બાબતે મજબૂત બનશો. વ્યવસાયિક-પારિવારીક સમસ્યા રહેશે. માન-સન્માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.આવક-જાવક સમાંતરે જળવાઈ રહેશે.

**મકર (ખ.જ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ પારિવારીક પ્રસંગોમાં ઉત્સાહ જળવાઈ રહેશે. તબિયત બાબતે કાળજી રાખવી. મનપસંદ વસ્તુની પ્રાપ્તિ થશે. નજીકના સુખનું જ ધ્યાન કરો.

**કુંભ (ગ.સ.ષ.શ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યવસાય ક્ષેત્રમાં તકલીફ જણાશે. વાણી ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. રોજગાર ક્ષેત્રમાં પ્રગતિ થશે. નવા સંબંધોમાં વૃદ્ધિ થશે.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિના જાતકો માટે આજનો દિવસ જીવનસાથી અને ભાગીદારોનો પૂર્ણ સહયોગ મળશે. પારિવારિક વૈચારિક મતભેદ રહેશે. ધન,પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. નવા કામકાજ માટે ઉત્તમ દિવસ છે.

## ફિલ્મી ગપશપ

# ‘સ્ત્રી-૩’માં ફરી એક વખત અક્ષયકુમારની એન્ટ્રી થશે ?



મુંબઈ : ગયાં વર્ષે અક્ષય કુમારના સ્ત્રી-૨ના કેમિયોએ ઘણાં લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. રસપ્રદ વાત એ છે કે, ૨૦૨૪માં ખેલ ખેલ મેં અને સરફિરા જેવી ફિલ્મો આપવા છતાં, સ્ત્રી-૨ તેની સૌથી મોટી બ્લોકબસ્ટર સાબિત થઈ હતી.હવે તાજેતરમાં મેડોક હોરર કોમેડીની ૮ ફિલ્મોની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સ્ત્રી ૩ પણ સામેલ છે. ત્યારથી દર્શકોમાં ઉત્તેજના છે કે આ ફિલ્મમાં અક્ષય કુમાર જોવા મળશે કે નહીં ? પરંતુ હવે નિર્માતાઓએ પુષ્ટિ કરી છે કે અક્ષય સ્ત્રી ૩ માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સ્કાય ફોર્સના ટ્રેલર લોન્ચ વખતે, અક્ષયને પૂછવામાં આવ્યું કે શું તે મેડોક હોરર-કોમેડીનો તેઓ ભાગ બનશે ?. આના પર અક્ષયે કહ્યું કે, ’હું શું કહું, દિનેશ અને જ્યોતિએ આ નક્કી કરવું પડશે, તેઓ જ પૈસાનું રોકાણ કરશે અને અમર કૌશિકે નિર્દેશન કરવાનું છે.’ અક્ષયના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં દિનેશ વિજને કહ્યું,કે ’અલબત્ત, તેઓ તેનો એક ભાગ છે’. તેમણે હસતાં હસતાં કહ્યું કે અક્ષય અમારાં થાનોસ છે. સ્ત્રી-૨માં અક્ષય કુમારને સરકટેના વંશના છેલ્લાં જીવિત સભ્ય તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં. જેની પાસે ભૂતને હંમેશને માટે ખતમ કરવાનો ઉપાય છે. ઠીક છે, જે પણ હોય, દર્શકો સ્ત્રી-૨ાં અક્ષયની હાજરીથી ખૂબ જ ખુશ થવાનાં છે.મેડોક ફિલ્મ્સે તાજેતરમાં ૨૦૨૫ થી ૨૦૨૮ સુધીની તેની આગામી ફિલ્મોનું કેલેન્ડર શેર કર્યું છે. જેમાં સ્ત્રી ૩ વર્ષ ૨૦૨૭માં ૧૩ મી ઓગસ્ટે રીલીઝ કરવામાં આવશે. ૨૦૨૪ માં ’સ્ત્રી-૨’એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. તેની વાર્તા અને રમૂજએ દર્શકોનાં દિલ જીતી લીધાં હતાં. ફિલ્મમાં શ્રદ્ધા કપૂર, રાજકુમાર રાવ, અપારશક્તિ ખુરાના, પંકજ ત્રિપાઠી, અભિષેક બેનર્જીએ ખાસ ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને વરુણ ધવન કેમિયો કર્યા હતાં જ્યારે તમન્ના ભાટિયાએ તેમાં ખાસ ડાન્સ કર્યો હતો.અક્ષય કુમારની આગામી ફિલ્મ સ્કાય ફોર્સ છે જે ૨૪ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. અક્ષય કુમાર, વીર પહરિયા અને સારા અલી ખાને આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. સ્કાય ફોર્સ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. દેશભક્તિની ફિલ્મનાં ટ્રેલરે દર્શકોમાં ઉત્સાહ વધાર્યો છે. આ ફિલ્મ ભારતની પ્રથમ એર સ્ટ્રાઈક પર આધારિત છે.

# દિલ કા કયા કસુર; ૬૩ બાળકોને હૃદયરોગ, ૧૭ને કેન્સર : ગંભીર રીપોર્ટ, ખળભળાટ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૯

રાજય સરકારના માર્ગદર્શન હેઠળ પૂરા રાજયના તમામ જિલ્લા અને મહાનગરોમાં તાજેતરમાં શાળા આરોગ્ય કાર્યક્રમ સંપન્ન થયો છે. અનેક જિલ્લા અને મહાનગરોમાં બાળ દર્દીઓના નવા આંકડા જાહેર થયા છે. તેમાં રાજકોટની ૬૩૧ સ્કુલ અને ૩૬૪ આંગણવાડીમાં મહાપાલિકાની આરોગ્ય શાખાએ એપ્રિલથી ડિસેમ્બર સુધી કરેલા સર્વેમાં ૧૨૧ ભુલકાઓમાં ગંભીર રોગના લક્ષણો હોવાનું દેખાયું છે.

શાળાના ભુલકાઓને મહાપાલિકા મારફત જ ગંભીર રોગના સારવારની વ્યવસ્થા સરકાર પાસે કરાવવામાં આવે છે. તો પોષણ ખુટતુ હોય તેવા બાળકો માટે પોષણ કીટથી માંડી આહારની



વ્યવસ્થાઓ પણ કરાવવામાં આવે છે. આ વર્ષે ૬૩ જેટલા બાળકોને હૃદયની બિમારી હોવાની ચિંતાજનક વિગતો દેખાઈ છે. આ ઉપરાંત ૧૩ બાળકોને કિડની, ૧૭ને કેન્સર, ૬ને બહેરાશ, ૪ને થેલેસેમીયા, ૧૮ને લીવર જેવી તકલીફ દેખાય છે.

આ અંગે મહાપાલિકાની આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત થયેલી વિગત મુજબ ૨૦૨૪ના વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બર સુધી શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં સ્કુલ અને આંગણવાડીના ૨૮૬૮૩૬ બાળકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં નાની ઉંમરમાં હૃદય રોગના લક્ષણો ધરાવતા ૬૩ બાળકોની નોંધણી કરવામાં આવી છે. અલગ અલગ શાળાઓમાં અભ્યાસ કરતા ૬૩ બાળકોને અત્યારથી હૃદય સંબંધી બીમારીના લક્ષણો જોવા મળ્યા છે.

તેના લીધે આરોગ્ય વિભાગે આ બાળકોના વાલીઓને આ અંગેની જાણકારી આપી જરૂરિયાત મુજબની ટ્રીટમેન્ટ લેવાની સૂચના સાથે આરોગ્ય વિભાગે પણ અન્ય રોગના લક્ષણો ધરાવતા બાળકો ની સારવાર સહિતના પગલાંઓ લેવા વ્યવસ્થા કરી છે.

રાજયમાં દર વર્ષે શાળામાં ભણતા તમામ બાળકો નું આરોગ્ય ચકાસવામાં આવે છે જે અંતર્ગત રાજકોટ મનપા દ્વારા શહેરની પ્રાથમિક શાળાઓમાં ચકાસણી કરવામાં આવી હતી. કોર્પો.ના તેમજ અન્ય ૨૦ ડોકટરો અને પેરા મેડિકલની ટીમ દ્વારા શાળા ચકાસણી કાર્યક્રમ દરમિયાન અલગ અલગ પ્રકારના રોગના લક્ષણો ધરાવતા બાળકોની યાદી તૈયાર કરવામાં આવી હતી.

જેમાં ગંભીર બિમારીના લક્ષણોવાળા સહિતના તમામ ૨.૮૬ લાખ બાળકોની યાદી તૈયાર કરીને રાજયના આરોગ્ય વિભાગને રીપોર્ટ મોકલવામાં આવ્યો છે. હૃદય જેવી બિમારીમાં ઘણી વખત જન્મજાત, કયારેક બેદરકારીના કારણે પણ આવા દર્દી મળતા હોવાનું વિભાગ કહે છે.

# સુંઢીયા ગામે શ્રી વેરાઈ માતાજીના નવિન મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ભવ્ય ઉછામણીનો કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૯

વડનગર તાલુકાના સુંઢીયા ગામ ટોડાની માતા શ્રી વેરાઈ માતાજીના મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૫ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી યોજાનાર છે. સમગ્ર સુંઢીયા ગામમાં વસતા તમામ જ્ઞાતિના લોકો ભેગા મળીને આ મંદિરનું નિર્માણ કાર્ય કરવામાં આવેલ છે. શ્રી વેરાઈ માતાજીના મંદિર ૭૦૦ વર્ષ જુનુ છે. આ મંદીરે નવરાત્રીમાં આઠમના દિવસે દિકરાની માનતાના ગરબા અહી મુકવામાં આવે છે. જ્યારે આ ગામની સ્થાપના થઈ ત્યારે સૌથી પહેલા આ જગ્યાએ માતાજીનો દીવો કરીને વેરાઈ માતાજીની સ્થાપના



કરેલી ત્યાર પછી ગામનો વસવાટ કરેલો તેથી આખા ગામના દરેક જ્ઞાતિના લોકો આ સ્થાનકને પોતાની આસ્થાનું કેન્દ્ર માને છે. અને તેથી ગામમાં વસતા અને બહારગામ વિદેશમાં રહેતા લોકોની આસ્થાના પ્રતિક સમા મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તો ભવ્ય જાહેર ઉછામણીનો કાર્યક્રમ તા. ૧૧-૦૧-૨૦૨૫ શનિવારના રોજ સાંજે ૮-૩૦ વાગે યોજાશે.

આ ઉછામણીનો વિવિધ યજમાન દાતાશ્રીના ચડાવ કરવામાં આવશે. આ ઉછામણીના કાર્યક્રમ તેમજ ડાયારામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ભાગ લેશે. આ મંદિરના નિર્માણ તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે ગામની તમામ જ્ઞાતિના લોકોની વ્યવસ્થાપક સમિતિની રચના કરી ગામમાં એકતાનું એક ઉદાહરણ પુરૂ પાડેલ છે. આમ વેરાઈ માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ૧૧મી તારીખે યોજાનાર ભવ્ય ઉછામણીના કાર્યક્રમમાં ભાગ લેવા વ્યવસ્થાપક સમિતિ તરફથી અપીલ કરવામાં આવે છે. આ ઉછામણીના પ્રોગ્રામમાં મખ્ય કલાકાર તરીકે ઉછામણીના બેતાજ બાદશાહ વિરમસિંહ ડાભી તથા સુંઢીયા ગામના કથાકાર ડાઁ. લાલજી મહારાજ પધારવાના છે. આવનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોતસવને ભવ્ય દિવ્ય બનાવવા માટે ગામની વ્યવસ્થાપક કમિટિ તથા ગ્રામજનો અને યુવાનો આયોજન માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આ કાર્યક્રમ ગામ માટે ન ભૂતો ભ ભવિષ્યતિ બનવાનો છે. તો ગામના તથા ગામ બહારના તમામ લોકોએ આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા હાર્દીક નિમંત્રણ છે.

# ઉત્તરાયણમાં ચાઇનીઝ અને ગ્લાસ કોટેડ માંજા ઉપર સંપૂર્ણ પ્રતિબંધનો અમલ કરો, ઉત્પાદકો ઉપર જ પગલા લો, હાઇકોર્ટ આકરા પાણીએ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૯

આગામી ૧૪મી જાન્યુઆરીના રોજ પતંગ રસિકો ઉત્તરાયણનો તહેવાર ઉજવવા અને વધુને વધુ પેચ કાપવા માટે થનગની રહ્યા છે ત્યારે તેઓ મજબૂત દોરી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. પતંગ રસિકોના શોખને અંકે કરી લેવા ઉત્પાદકો દ્વારા ગેરકાયદેસર રીતે અત્યંત ઘાતક ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી તૈયાર કરી વેચવામાં આવે છે. જેના કારણે માણસોના આખા ગળા ચિરાઈને મરણ પામે છે અને મોટી માત્રામાં પક્ષીઓ મરણ પામે છે.



ત્યારે હાઈકોર્ટે આજે સરકારને ફટકાર લાવી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે આવી દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલા તો લીધા છે પરંતુ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી.

ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ આ મેટર બુધવારે ચાલવા ઉપર આવતા કોર્ટે ટકોર કરી હતી કે, તેઓએ ડિસેમ્બરથી જ ઉત્પાદન શરૂ કરીને વેચાણ કરવાનું શરૂ કરી દીધું હશે અને તમે જે એફિડેવીટ રજૂ કરી છે તેમાં ઉત્પાદકો સામે પગલા લેવાયા હોવાનો કોઈ ઉલ્લેખ નથી.

ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ કે હાનીકારક મટીરીયલથી તૈયાર કરાયેલી દોરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે તો તેનો અમલ કેવી રીતે કરશો તેની માહીતી આપો.

રાજય સરકારના ગૃહ વિભાગના પરિપત્ર મુજબ દરેક જીલ્લા કલેકટર અને પોલીસ કમિશનર પ્રતિબંધનો અમલ કરાવવા માટે બંધાયેલા છે તો તેમની એફિડેવીટ લાવો.

બીજુ બાજુ રાજયના અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મોટા શહેરોમાં આકરા પગલા લેવામાં આવશે અને ઉત્પાદકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે તેની ખાતરી આપીને સરકારી વકીલે સમય માગતા કોર્ટે વધુ સુનાવણી શુક્રવારના રોજ રાખી છે.

ઉલ્લેખનીય છે કે, બે અરજદારો દ્વારા એડવોકેટ નિમિષ કાપડિયા અને એડવોકેટ ભુનેશ રૂપેરા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીઓ કરીને ચાઈનીઝ દોરી અને ગ્લાસનો ભૂકો પીવડાવેલી પતંગની દોરીઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા માટે માગણી કરી હતી. આ અરજીની સુનાવણી આજરોજ નીકળી હતી.



ત્યારે સરકારી વકીલ દ્વારા ગૃહ વિભાગના અધિકારીએ તૈયાર કરેલી એફિડેવીટ રજૂ કરીને આ બાબતે લેવામાં આવેલા પગલાની માહિતી આપી હતી. પરંતુ એડવોકેટ દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આંકડા ગયા વર્ષના છે અને છેલ્લા અઠવાડિયાના જે આંકડા આપ્યા છે તેમાં પણ જે પગલા લેવામાં આવ્યા છે તે માત્ર એકાદ બે ફીરકી પકડીને જ લેવામાં આવ્યા છે.

આથી સરકારી તંત્ર દ્વારા ખાલી બતાડવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હોય તેવું લાગે છે. આથી ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ માંજા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાવવો જોઈએ.

ગત વર્ષ ૨૦૧૭માં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તો તેનો સત્તાવાળાઓએ સંપૂર્ણ અમલ કરવો જોઈએ.

# ઈશ્વર નિરાકાર નિર્વિકલ્પ છે અને માયા ક્રિયા કરે છે તે સિદ્ધાંત પણ દિવ્ય છે

આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું ઝરણું વહેતું રાખવું છે.ભગવદ્ ગીતા કહયું છે કે ઈશ્વર લીલા કરે છે એ વાત પણ સાચી.જે ક્રિયામાં ક્રિયાનું અભિમાનનથી તે લીલા કેશ્વર સ્વેચ્છાથી લીલા કરે છે.'હું કરું છું'એવી ભાવના વગર નિષ્કામ ભાવથી જે ક્રિયા કરવામાં આવે તે લીલા. શ્રીકૃષ્ણની લીલા કહેવાય. ઈશ્વરને કોઈ ઈચ્છા નથી.કનૈયો ચોરી કરે છે તે બીજાને માટે. ક્રિયા બાંધે છે પણ લીલા મુક્ત કરે છે. જીવ કરે છેતે ક્રિયા પાછળ સ્વાર્થ વાસના અને હું કરું છું તેવું અભિમાન છે તેથી તે ક્રિયા છે, તે બંધનકર્તા છે.

બંને સિદ્ધાંતો સાચા છે.ઈશ્વર નિરાકાર નિર્વિકલ્પ છે અને માયા ક્રિયા કરે છે તે સિદ્ધાંત પણ દિવ્ય છે. ઈશ્વર કાંઈ કરતા નથી પણ તેમાં ક્રિયાનો આરોપ કરવામાં આવે છે.ઈશ્વરમાં વિષમતા માયા થી ભાસે છે.ઈશ્વર પરિપૂર્ણ સમ છે.પરમાત્મા સમ છે,જગત વિષમ છે. સમતા ઈશ્વરની છેને વિષમતા છે તે માયાની છે. ઈશ્વર તો સમ છે, પણ માયાથી ઈશ્વરમાં વિષમતા દેખાય છે.ઈશ્વરના અધિષ્ઠાનમાં માયા ક્રિયા કરે છે એટલે માયા જે ક્રિયા કરે છે તેનો આરોપ ઈશ્વર ઉપર કરવામાં આવે છે. દીવો કાંઈ કરતો નથી, પણદીવો ન હોય તો કંઈ થઈ શકતું નથી.ભગવાન દૈત્યને મારતા નથી પણ તારે છે.ક્રિયામાં વિષમતા દેખાય છે,પણ ભાવમાં વિષમતા નથી. ભગવાન દૈત્યોને મારે છે,પણ ભગવાનના મારમાં પણ પ્યાર છે. વિષમતા દેખાય છે તે માત્ર માયાને લીધે છે, ખરેખર



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

વિષમતા નથી.પ્રકૃતિના ત્રણ ગુણો છે:સત્ત્વગુણ, રજોગુણ તથા તમો ગુણ. આત્માના નથી.પરમેશ્વર જીવના ભોગ માટે ઈચ્છે છે,ત્યારે રજો ગુણનાં બળમાં વૃદ્ધિ કરે છે.જીવો ના પાલન માટે ઈચ્છે છે ત્યારે સત્ત્વગુણના બળમાં વૃદ્ધિ કરે છે અને સંહાર કરવા ઈચ્છે છે, ત્યારે તમોગુણના બળમાં વૃદ્ધિ કરે છે. રાજસૂય યજ્ઞમાં પહેલી પૂજા શ્રીકૃષ્ણની કરવામાં આવી. પણ તે સહન ન થવાથી શિશુપાલ ભગવાનની નિંદા કરવા લાગ્યો. ભગવાને નિંદા સહન કરી પણ છેવટે તેનો વધ કર્યો.શિશુ પાલના શરીરમાંથી નીકળેલું આત્મતેજ દ્વારિકાધીશ માં લીન થયું અને તેને સદગતિ મળી.આ કોઈ યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું.તેથી તેણે નારદજીને પૂછ્યું કે,શિશુપાલ તો ભગવાનનો શત્રુ હતો,જતાં એને સદગતિ કેમ મળી? તે નરકમાં કેમ



ન ગયો?

કોઈ પણ ભાવથી પરંતુ એક પરમાત્મામાં જ મન એકાકાર થવું જોઈએ.કોઈ પણ ભાવથી નારદ જી કહે,નવાઈ લાગે એવી વાત છે પણ એ સમજવા માટે પરમાત્મા માં તન્મય થવાની એટલે ભક્તિ થી કે પછી દ્વેષથી. ભક્તિથી ઈશ્વરમાં મન જોડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને કોઈપણ ભાવથી જીવ પ્રભુ પામ્યા છે. તેમ કામથી, દ્વેષથી તથા ભયથી પણ ભગવાનમાં મન જોડી અનેક મનુષ્યો સદગતિ પામ્યા છે. દૃષ્ટાંત તરીકે ગોપીઓ એ ભગવાનને મળવાની તીવ્ર કામનાથી, કંસે ભયથી, શિશુપાલ પોતાના મનને ભગવાનમાં લગાડ્યું. ધર્મરાજ યુધિષ્ઠિરે સ્નેહથી ગોપીઓ શ્રીકૃષ્ણને કામભાવથી ભજતી હતી, પણ જેનું તેઓ ધ્યાન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ છે. નિષ્કામ શ્રીકૃષ્ણનું, ધ્યાન કરતાં ગોપીઓ નિષ્કામ બની.પરમાત્મા પૂર્ણ નિષ્કામ હોવાથી પરમાત્માને અર્પણ કરેલો કામ નિષ્કામ બન્યો. કામનો જન્મ રજોગુણથી થાય છે.ઈશ્વર બુદ્ધિથી પર છે. ઈશ્વર પાસે કામ જઈ શકતો નથી.સૂર્ય પાસે અંધકાર જઈ શકતો નથી, તેમ જેનું ચિંતન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ હોવાથી કામભાવથી શ્રી કૃષ્ણનું ચિંતન કરનાર ગોપીઓ કામ ખોઈ બેઠી અને નિષ્કામ બની ગઈ.કંસ બીક ના લીધે તન્મય થયો હતો.તેને દેવકીનો આઠમો જ બધે દેખાય. શિશુપાલ દ્વેષથી પણ ચિંતન ભગવાનનું કરતો હતો. આમ કોઈ પણ ભાવથી ઈશ્વરમાં તન્મય થવાની જરૂર છે.હર કોઈ ઉપાયે ઈશ્વરમાં તન્મય બનો, શ્રી કૃષ્ણમાં લીન બનો.

શિશુપાલ સાધારણ માનવી ન હતો,તે વિષ્ણુ ભગવાનનો પાર્ષદ હતો. જયવિજયની વાત આગળ આવી ગઈ છે. તેમાંનો એ એક છે નારદજીએ જયવિજયના ત્રણ જન્મોની કથા સંક્ષેપમાં કહી.જય વિજય પહેલા જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા,બીજા જન્મમાં રાવણ કુંભ કર્ણ અને આ ત્રીજા જન્મમાં શિશુપાલ અને દતવત્ર રૂપે જન્મ્યા છે.

પછી નારદજીએ હિરણ્યકશિપુ અને પ્રહલાદની કથા શરૂ કરી. દિતિના બે પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. હિરણ્યાક્ષનો વધ વરાહ ભગવાને કર્યો.

હવે હિરણ્યકશિપુની વાત આવે છે. ધર્મરાજા પૂછે છે, પ્રહલાદ મહાન ભગવદ ભક્ત હતો,છતાં હિરણ્યકશિપુને તેને મારવાની કેમ ઈચ્છા થઈ?

નારદજી બોલ્યા,દિતિએ ભેદ બુદ્ધિ છે.ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જન્મે છે.મમતા અને અહંકાર જન્મે છે. આ'હું' અને'મારું' ભેદ બુદ્ધિનાં સંતાનો છે.સર્વ દુઃખનું મૂળ ભેદ બુદ્ધિ છે.સર્વ સુખનું મૂળ અભેદ ભાવ છે.અભેદભાવ શરીરથી નહીં બુદ્ધિ થી થાય તો સર્વમાં સમભાવ આવે છે.

અહંકારને મારવો કઠણ છે.વિવેક થી મમતાનો નાશ થઈ શકે, પરંતુ અહંભાવનો નાશ થઈ અને માયા ન અર્પણ કરનાર પોતાના હુંપણાનું પણ અર્પણ કરે તો ઠાકોરજી કૃપા કરે છે.મારામાં નથી માનવું એ પણ અભિમાન છે. આવ્યા અને હિરણ્યકશિપુ જે જગ્યાએ તપ કરવા બેઠેલો તેની નજીકના વૃક્ષ ઉપર બેસી નારાયણ નારાયણ એમ બોલવા લાગ્યા. હિરણ્યકશિપુ મંત્રનો જપ કરવા લાગે,ને સામે પોપટ નારાયણ નારાયણ બોલે. હિરણ્યકશિપુને થયું,જે વિષ્ણુને મારવા હું તપશ્ચર્યા કરું છું, તેનું આમ નામ સાંભળવું પડે એ તો અપશુકન કહેવાય. માટે આજે હું તપમાં નહીં બેસું. કંટાળીને એ ઘરે આવતો રહ્યો.પતિ તે જ દિવસે ઘરે પાછા આવ્યા તેથી કયાધુને આશ્ચર્ય થયું.પરંતુ સીધે સીધું કારણ પતિ ને પૂછાય તેમ ન હતું. કયાધુએ વિચાર્યું,યુક્તિથી કામ કરીશ તો કારણ જાણી શકાશે. પતિની ખાનગી વાત જાણવી હોય તો આ કયાધુને ગુરુ કરજો. ભોજનમાં વશીકરણ હોય છે. નોકરોને આજ્ઞા કરી,મારા પતિ દેવને માટે હું જ રસોઈ બનાવીશ. એ હતી માનસ શાસ્ત્ર જાણનારી. સ્ત્રી માત્ર આટલું માનસ શાસ્ત્ર જાણતી હોય છે કે,પતિને કેવી રીતે પ્રસન્ન કરવો.કહ્યું છે કે લોભી ને દ્રવ્યથી વશ કરવો.અભિમાનીને વખાણથી વશ કરવો.

ભોજે કાલિદાસને એક વખત પૂછ્યું કે,દુનિયામાં ખાંડ કરતાં ગળ્યું શું?કાલિદાસે પટ જવાબ આપ્યો કે,વખાણ!હિરણ્યકશિપુ અભિમાની હતો.કયાધુએ વખાણ શરૂ કર્યાં.કહે,ઈન્દ્રચંદ્રાદિ દેવો તમારાથી થર થર કાંપે છે. આપના જેવો વીર થયો નથી અને થવાનો નથી.હું ભાગ્યશાળી કે આપ જેવા પતિ મને મળ્યા! ધારેલું કામ કર્યા વગર તમે પાછા ફરો એ બને જ નહીં. હું તો દશ હજાર વર્ષે તમારાં દર્શન થશે એવું ધારતી હતી!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે શાકંભરી નવરાત્રિમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક મેળવવા પ્રયત્ન કર્યો છે તે આપ સૌને ગમ્યું હશે તેવી આશા સહ અસ્તુ.

## હિંમતનગરની ખાનગી હોસ્પિટલ સહિત સમગ્ર જિલ્લામાં ભારે ખરભરાટ સર્જાયો છે

# પ્રાંતિજ તાલુકાના ૮ વર્ષીય બાળકને HMPV પોઝિટિવ આવતા હોસ્પિટલમાં સારવાર હેઠળ : પ્રથમ કેશ નોંધતા ભારે ફફડાટ








(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૯

ચીન સહિત સમગ્ર વિશ્વમાં **HMPV** વાયરસ નો કહેર વ્યાપ્યો છે ત્યારે ગુજરાતના હિંમતનગરમાં બીજો કેસ નોંધાયો છે જેમાં પ્રાંતિજના ગ્રામ્ય વિસ્તારના આઠ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા ખળભળાટ સર્જાયો છે જોકે હજુ સરકારી રિપોર્ટ મેળવવા માટે સેમ્પલિંગ પુના સરકારી લેબ અર્થે મોકલાયા છે. સાબરકાંઠાના પ્રાંતિજના ગ્રામ્ય વિસ્તારના આઠ વર્ષીય બાળકને **HMPV** વાઈરસ ના લક્ષણો જોવા મળતા હિંમતનગરની ખાનગી હોસ્પિટલ સહિત સમગ્ર જિલ્લામાં ભારે ખરભરાટ સર્જાયો છે જોકે બે દિવસ અગાઉ બાળકને સામાન્ય શરદી ઉધરસ કપ સહિત તાવની રજૂઆતના પગલે સારવાર માટે જ્યારે હિંમતનગર લાવવામાં આવ્યો હતો ત્યારે સામાન્ય લગતા બાળકનો રિપોર્ટ અતિ ગંભીર આવતા બાળકના મા-બાપ સહિત પરિવારજનો પણ ચિંતિત બન્યા છે. **HNPV** વાયરસ મામલે ખાનગી હોસ્પિટલ ના ડોક્ટરો સહિત જિલ્લા આરોગ્ય વિભાગ પણ હવે જાગૃત થયું હોય તેમ આગામી સમયને પહોંચી વળવા માટે વિવિધ તૈયારીઓ હાથધરી છે સામાન્ય શરદી કફ ઉધરસ કે તાવ ને મોટાભાગના વાલીઓ સરળતાથી લેશે બાળકને વધુ ઊંઘ લેતુ હોય તો પણ વાલીઓ માટે આ બાબત સરળ બની રહેતી હોય છે જોકે **HNPV** વાયરસનું મુખ્ય લક્ષણ વધુ ઊંઘ સહિત શરદી કફ છે ત્યારે વાલીઓ સહિત વહીવટી તંત્ર એ પણ આ મામલે મિશન સ્વરૂપે જાગૃતતા ફેલાવવાનું અભિયાન કેળવવું પડે તેમ છે.

જોકે એક તરફ વાયરસની વધતી જતી ગંભીરતાના પગલે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પણ આ મામલે સાવચેતીના પગલાં સહિત આગામી સમયની સલામતી માટે પણ વિશેષ પ્રયાસ શરૂ કરાયેલ છે સાબરકાંઠાની સિવિલ હોસ્પિટલમાં હાલમાં પાંચ બેડ સહિત વિષેશ વોર્ડ તૈયાર કરાવી રહ્યું છે તો બીજી તરફ પ્રાંતિજના ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ ૪ સિવિલ કર્મી ઓને અત્યારથી જ મોકલી દેવામાં આવ્યા છે આરોગ્ય કર્મીઓ દ્વારા ગ્રામ્ય કક્ષાએ જાગૃતતા સહિત શરદી તાવ કફ કે ઉધરસ મામલે ગંભીરતા રાખવા વિશેષ તજવીજ હાથ ધરાશે તેમજ જિલ્લા કક્ષાએ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિત છેવાડાના ગામડાઓ માટે આરોગ્ય કર્મીઓ દ્વારા પાયારૂપ ભૂમિકા ભજવવાની શરૂઆત કરાઈ છે. કોરોના મહામારી બાદ ફરી એકવાર ચીનથી ઊભા થયેલા **HNPV** વાઈરસથી દિન પ્રતિદિન ભયનું માહોલ વધી રહ્યું છે ત્યારે આગામી સમયમાં વહીવટી તંત્ર સહિત વાલીઓ અને ખાનગી હોસ્પિટલો નું સંકલન નીતાથી જરૂરિયાત છે ત્યારે જોવું રહે છે કે આ મામલે આગામી સમયમાં વહીવટી તંત્ર કેટલું એલર્ટ બને છે તે મહત્વનું છે.

## શ્રી વિસનગર ગુજરાતી સોની સમાજ દ્વારા ૩૪મો સ્નેહમિલન સમારોહ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૯

શ્રી વિસનગર ગુજરાતી સોની સમાજ દ્વારા ૩૪ મો સ્નેહ મિલન સમારંભ અને હવન ઉજાણી કાર્યક્રમ પોષ સુદ છઠ્ઠ ને રવિવાર તારીખ:૦૫.૦૧.૨૦૨૫ ના રોજ તાલુકા ના ગુંજા મુકામે બિરાજમાન શ્રી ભૂવનેશ્વરી માતાજી ના પટાંગણમાં યોજાયો હતો. જેમાં વિસનગર તથા બહારગામ માં વસતા ગુજરાતી સોની વિસનગર ના સભ્યો સર્વે જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં હાજર રહીને માતાજી ના હવન ઉજાણી નો લાભ લીધો હતો

આજના કાર્યક્રમમાં ચાલુ વર્ષ ના પ્રમુખ શ્રી રાકેશ ભાઈ પ્રવિણભાઈ સોની અને તેમની કારોબારી ટીમ તથા મુખ્ય દાતાશ્રી ઓ દિપકભાઈ ભાનુપ્રસાદ સોની અને ચંન્દ્ર હાસ પ્રહલાદભાઈ સોની ના વરદ હસ્તે દિપ પ્રગટાવીને કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી પંકજભાઈ સોની એ કર્યું હતું.જયારે વર્ષ ૨૦૨૪ ની આવક જાવક નો હિસાબ ખજાનચી શ્રી વિપીનભાઈ સોની એ રજૂ કર્યો હતો આજના સફળ કાર્યક્રમમાં ઉદાર હાથે દાન આપનાર સમાજના દાતાશ્રી ઓ નુ સન્માન કરવામાં આવ્યું હતું ખરેખર કોઈ પણ સમાજ માં સેવાકીય પ્રવૃતિઓ ને પ્રોત્સાહિત કરવી હોય તો દાતાશ્રી ઓ ની ઉદારતા હોય તો જ તે સેવા કાર્ય કરી શકાય છે જે આજના સમારંભ માં જોવા મળી રહ્યુ હતું.આજ ના હવન ઉજાણી કાર્યક્રમ માં માતાજી ની સાડી..આરતી..ધજા પધરાવી જેવા ચઢાવા બોલાવી ને સમાજ ના રમેશભાઈ એ શરૂઆત કરાવી હતી.આજ ના આ સમારોહમાં સમાજ દ્વારા ગુજરાતી સમાજ ના દરેક ઘરદીઠ યાદગીરી રૂપે આકર્ષક લ્હાણી આપવામાં આવી હતી.આજ ના સમારંભ માં વિજાપુર થી.અખિલ હિન્દ સોની મહા મંડળ ના પ્રતિનિધિ શ્રી દિનેશભાઈ સોની અને વિજાપુર સુવૅણકાર સોની સમાજ ના પ્રમુખ શ્રી ઈન્દ્રવદન ભાઈ કૃષ્ણલાલ સોની તથા હોદેદારો પણ હાજર રહ્યા હતા..પ્ર

મુખ શ્રી રાકેશ ભાઈ સોની એ પોતાના પ્રતિભાવો આપ્યા હતા અને નવિન કારોબારી ની રચના કરવા મા આવી હતી જેમાં પ્રમુખ તરીકે શ્રી જીગર કુમાર મહેશભાઈ સોની ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી નવા વપરાયેલા પ્રમુખ જીગર સોની એ પોતાના વિચારો વ્યકત કર્યા હતા.સમારંભ ના અંત માં આભાર વિધિ મંત્રી શ્રી પિયુષભાઈ સોની દ્વારા કરવામાં આવી હતી.

આજ ના નવચંડી યજ્ઞમાં સમાજના જ્ઞાતિજનોએ પરિવાર સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શ્રી ભુવનેશ્વરી માતાજી ના પટાંગણમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રખડતા ઢોરોના ત્રાસને પગલે મહીલાને હાથને ભાગે ગંભીર ઈજાઓ પહોંચી

# સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિકોએ અવાર નવાર તંત્રમાં રજૂઆતો કરી હોવા છતાં પરિણામ શૂન્ય





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૯

સાબરકાંઠાના હિંમતનગરમાં છેલ્લા કેટલાય સમયથી રખડતા પશુઓનો ત્રાસ યથાવત રહેતા હવે સ્થાનિક જનતાને ભારે ભોગવવાનું થયું હોય તેમ બે મહિલાઓને આખલા ઓએ શિંગડે ભરાવતા એક મહિલાને હાથ ઉપર ગંભીર ઈજાઓ પહોંચી છે જોકે હિંમતનગરના હાર દશામાં પોલો ગ્રાઉન્ડમાં સતત રખડતા પશુઓના ત્રાસના પગલે હવે સ્થાનિકો માં ભારે વિરોધનો શું જોવા મળે છે સાથોસાથ આગામી સમયમાં ચૂંટણી બહિષ્કાર સુધીની વાત પણ ઉચ્ચારી ચૂક્યા છે. સાબરકાંઠાના હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી રખડતા પશુઓના ત્રાસથી સ્થાનિકો ભારે પરેશાન થઈ ચૂક્યા છે એક તરફ રાજ્ય સરકાર દ્વારા રખડતા પશુઓ મામલે હજી સુધી કોઈ ચોક્કસ નિર્ણય લેવાઈ શક્યો નથી ત્યારે આખલાઓ દ્વારા બે મહિલાઓ ઉપર અચાનક હુમલો કરતા બે પૈકી એક મહિલાને હાથ ઉપર ગંભીર ઈજાઓ પહોંચી છે જોકે દેરાણી જેઠાણી એક સાથે પોતાના ઘરે આવી રહ્યા હતા જે દરમિયાન અચાનક રખડતા આખલાએ પાછળથી હુમલો કરતા જેઠાણીને બચાવવા જતા દેરાણીને હાથે ફેક્ચર થવાની સાથોસાથ ગંભીર ઈજાઓ પહોંચી છે જેના પગલે હાલમાં ગંભીર રીતે ઘાયલ થયેલી યુવતી પાલિકા સામે આ મામલે ચોક્કસ કામગીરી કરવાની રજૂઆત કરી વહીવટી તંત્ર સામે ભારે વિરોધ દર્શાવ્યો છે. એક તરફ પાલિકા દ્વારા છેલ્લા કેટલાય સમય હિંમતનગર નગરપાલિકાના હાર્દ સમાન ગણાતા પોલો ગ્રાઉન્ડમાં સુવિધાઓ પહોંચાડવામાં ઉણી ઉતરતી હોય તેમ છે તો બીજી તરફ સ્થાનિકો હવે પારાવાર સમસ્યાઓથી ત્રાસી ચુક્યા હોય તેમ છે જોકે અધૂરામાં પૂરું હવે સ્થાનિક વિસ્તારમાં રખડતા પશુઓએ પોતાનો અડધો જમાવતા કેટલાય લોકો માટે ભારે પરેશાની બની છે પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં ખાનગી તેમજ સરકારી પ્રાથમિક સહિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ હોવાથી કેટલાય વાલીઓ માટે રખડતા પક્ષીઓનો ત્રાસ જીવના જોખમ સમાન બની રહે છે. જોકે ચૂંટણી વખતે મોટાભાગના નેતાઓ મત મેળવવા માટે મસ્ત મોટા વાયદાઓ કરી સત્તા સ્થાને બેસે છે ત્યારે જરૂરિયાતના સમય હવે સ્થાનિક વિસ્તારમાં ભાગ્ય પણ જોવા ન મળતા હવે સ્થાનિકોમાં પણ નેતાઓ સામે ભારે રોષ વ્યાપ્યો છે તેમજ આગામી સમયમાં મત ન આપવાની પણ ચીમકી ઉચ્ચારી છે. જોકે હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં રખડતા પશુઓના ત્રાસથી કેટલાય લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે સ્થાનિક યુવકે આ મામલે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી સહિત નગરપાલિકાને પાછલા ૧૫ દિવસમાં બે વાર લેખિત રજૂઆત કરી છે જોકે વહીવટી તંત્ર જાણે કે સામાન્ય માણસોની પરેશાની દૂર કરવાની જગ્યાએ માત્ર ખભે થી માથે કરતા હોય તેમ પાલિકા અને જિલ્લા સમાહર્તા એકબીજાને માત્ર પત્રાચાર કરતા હોય તેમ છે આજે આ મામલે ફરી એકવાર સાબરકાંઠા જિલ્લા સમાહર્તાને રજૂઆત કરતા તેમની પાલિકાની આવેલ અરજી મામલે કામગીરી કરવાની નોંધ સાથે પત્ર મોકલી આપેલ છે જોકે ચોક્કસ કાર્યવાહીના નામે આજે પણ હિંમતનગર નગરપાલિકા સહિત વહીવટી તંત્ર જાને કે બહેરુ બની ગયું હોય તેમ છે. જોકે આગામી સમયમાં આ મામલે ચોક્કસ કાર્યવાહી નહીં થાય તો હિંમતનગર નગરપાલિકા માં આગામી સમયમાં સ્થાનિકોનો વિરોધનો વન્ટોળ પેદા થાય તો નવાઈ નહીં જોકે હાલના સમયે પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં બાળકો સહિત સ્થાનિકો ને ઘરની બહાર નીકળવું ખૂબ મુશ્કેલ બની રહ્યું છે સાથોસાથ રખડતાં ઢોરોના ત્રાસને પગલે લોકોમાં ભય જોવા મળી રહ્યો છે જોવાનું એ રહે છે કે આવનાર સમયમાં તંત્ર દ્વારા રખડતાં ઢોરો સામે કેવા અને કયા પ્રકારના પગલા ભરવામાં આવે છે....

# સુઇગામ પોલીસ અને BSF દ્વારા જોઈન્ટ પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ હાથ ધરાયુ

(ગરવી તાકાત) સૂઈગામ તા.૯

ભારત પાક.આંતરરાષ્ટ્રીય સરહદ અને રાજસ્થાન બોર્ડરને જોડતા સરહદી સુઇગામ તાલુકાના બોર્ડર વિસ્તારમાં સરહદ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત સુઇગામ પોલીસ અને સરહદો ના સીમાડાની રક્ષા કરતા **BSF** જવાનો દ્વારા જોઈન્ટ પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું,સરહદી વિસ્તારના ગામડાંઓ અને બોર્ડર વિસ્તારમાં તેમજ કસ્ટમ હાઈવે અને અન્ય સુઈગામ પો.સ્ટેશન વિસ્તારના તમામ હાઈવે રસ્તાઓ પર પોલીસ અને **BSF** દ્વારા કોમ્બિન્ગ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું,તેમજ તમામ વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું હતું,અત્રે ઉલ્લેખનીય છે કે સુઈગામ તાલુકો એ આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય સીમાઓ ધરાવતો છેવાડાનો વિસ્તાર હોઈ કોઈ અનૈતિક પ્રવૃતિઓ,નશીલા તેમજ પદાર્થોની હેરાફેરી તેમજ ઘૂસણખોરીને ડામવા **BSF** પોલીસ ડિપાર્ટમેન્ટ સતત સતર્ક રહી ચાંપતી નજર રાખી આવી ગેર પ્રવૃતિઓ પર રોક લગાવી છે, સરહદ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

**સરહદી વિસ્તારના ગામડાંઓ અને બોર્ડર વિસ્તારમાં તેમજ કસ્ટમ હાઇવે અને અન્ય સુઇગામ પો.સ્ટેશન વિસ્તારના તમામ હાઇવે રસ્તાઓ પર પોલીસ અને BSF દ્વારા કોમ્બિન્ગ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું,**

ગુરુવારે સરહદી સુઇગામ વિસ્તારમાં પોલીસ અને **BSF** દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ અને વાહન ચેકીંગ કરતા બેફામ દોડતા વાહન ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બાલ વાટિકાના બાળકોની કલા કારીગરી



(ગરવી તાકાત) મહેસાણા તા.૯

વિસનગર તાલુકાના વાલમ ક્લસ્ટર મા આવેલ વાલમ પરા પ્રા. શાળા ના બાલ વાટિકા ના બાળકો એ પોતાના ઘરે જૂની અને નકામી કંકોત્રીઓ શાળામાં લાવી અને એમાંથી સુંદર અને અદ્ભૂત ચપ્પલ બનાવ્યા. શાળાના શિક્ષિકા શ્રી મુકેશબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ આવા નાના ભૂલકાઓ એ ખૂબ સરસ પોતાની કળા ને ખિલાવવાની તક મળી. એ બદલ શાળા પરિવાર દ્વારા ખૂબ અભિનંદન પાઠવ્યા.

### કડી સર્વ વિદ્યાલય ખાતે Horizon-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું






(ગરવી તાકાત) કડી તા.૭

''કર ભલા હોગા ભલા'' અને ''શિક્ષણ એ જ સાચી સેવા'' ના કર્મ મંત્રને સાર્થક કરતી છેલ્લા ૧૦૫ વર્ષથી સતત કાર્યરત સમાજ સેવાને રંગે રંગાયેલી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની યુનિવર્સીટી-કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા વિવિધ શાળાઓના ધો. ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન ૐરિઁહ-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યુ.

આજના અને આવનારા સમયમાં ટેકનોલોજી, મેનેજમેન્ટ અને કોમર્સ ક્ષેત્રે થયેલી પ્રગતિની કોલેજ અભ્યાસક્રમ પર કેવી અસર થઈ રહી છે અને વિદ્યાર્થીઓની કારકિર્દી કઈ દિશામાં આગળ વધારી શકાય તે અંગે માહિતગાર કરવા લાઈવ પ્રોજેક્ટ અને મોડેલ દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલુ હતું. આ પ્રદર્શનમાં મેનેજમેન્ટ, કોમ્પ્યુટર અને કોમર્સ ને લગતા જુદા જુદા ૨૪ સ્ટોલ્સ માં સર્વ વિદ્યાલયની ૧૦૫ વર્ષની શિક્ષણ ક્ષેત્રની સફળતા અને સેવાની ગાથા, **INDI START-UP STREET: NAYI SOCH NAYI DISHA, AGRIEDGE – LEADING THE FUTURE OF AGRICULTURE, THE WORLD OF AI, SATTVAM- A FRESH FUSION, ZANKHI OF INCREDIBLE INDIA-ONE PLACE FOR PROUD, JOURNEY OF MONEY, THE JOURNEY OF INDIAN STOCK MARKET, CONTRIBUTION OF WOMEN ENTREPRENEURS IN INDIA, "HASSLE – FREE" CHARDHAM YATRA, BLOCK-CHAIN TECHNOLOGY, SMART CITY: ENERGY EFFICIENT, QUANTUM COMPUTER: THE FUTURE,** રજુ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૮ ફૂડ સ્ટોલ માં વિવિધ નાસ્તા અને વાનગીયો નું વેચાણ કરી વિદ્યાર્થીઓ ધંધાકીય વિષયક જ્ઞાન મેળવ્યુ હતું. મુલાકાતી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સદર પ્રોજેક્ટ અને મોડેલ્સ કોલેજના હાલના વિદ્યાર્થીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવેલા આથી મુલાકાતી વિદ્યાર્થીમાં ''તેઓ પણ કંઈક કરી શકે છે'' તેઓ આત્મ વિશ્વાસ જાગૃત થાય. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર ના આદરણીય ચેરમન શ્રી વલ્લભભાઈ એમ પટેલ સાહેબ તેમજ મહેસાણા જીલ્લા કલેક્ટર શ્રી એમ. નાગરાજન સાહેબશ્રી દ્વારા સંસ્થાના અન્ય વરિષ્ટ મંત્રીશ્રીઓ ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લી કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ-ગ્રુપ એચ.આર શ્રી જયેશ સલુજા ઉપસ્થિત રહી વિધ્યાર્થીયોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે કડી, મહેસાણા, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને અમદાવાદની શાળાઓમાંથી લગભગ ૪૩૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ ૧૦૦થી વધુ શિક્ષકો અને ૧૮ થી પણ વધુ પ્રિન્સીપાલશ્રીઓએ મુલાકાત લઈ અને દરેક સ્ટોલ ની ઝીણવટભરી માહિતી મેળવી હતી. આદરણીય ચેરમન શ્રી વલ્લભભાઈ એમ પટેલ સાહેબે મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન તેમજ એસ વી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ના ડાયરેક્ટર ડો. ભાવિન પંડયા, કોમ્પુટર વિદ્યાશાખાના ડીન ડો. રૂપેશ વ્યાસ, કોમર્સ વિદ્યાશાખાના ડીન ડો. વિજ્ઞા ઓઝા, નરસિંહભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીના ડાયરેક્ટર ડો. સંજયભાઈ શાહ તેમજ એમ પી પટેલ કોલેજ ઓફ કોમર્સના પ્રિન્સીપાલ ડો. કપિલ ત્રિવેદીને અભિનંદન આપ્યા હતા. અત્રે ઉલેખનીય છે કે આ બે દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજમેન્ટ, કોમ્પ્યુટર અને કોમર્સ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

Volume : 10 Issue : 278 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002